# ખેડબ્રહ્મા તાલુકામાં વનીકરણના નામે શૂન્યાવકાશ

હિંમતનગર, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા પાંચ વર્ષમાં લાખો રોપાઓનો ઉછેર કરી વન વિભાગ દ્વારા વનીકરણ પાછળ કરોડ રૂપિયાનું ખર્ચ કરવામાં આવ્યું છે. વાવેલા રોપાના ઝાડ બન્યા હોય તેવું ક્યાંય જોવા મળતું નથી. રોપાઓની સંખ્યા અને ખર્ચના પ્રમાણમાં હરીયાળી નજરે પડતી નથી.

સાબરકાંઠા જિલ્લાના વનવિભાગના ઉત્તર ઝોનના ખેડબ્રહ્મા-ઈડર-વડાલી-વિજયનગર તાલુકાઓમાં રોપાઓનો ઉછેર કરી વાવેતર કરવા પાછળ જે ખર્ચ કરવામાં આવ્યું છે તેમાં ખેડબ્રહ્મા તાલુકામાં વનીકરણ માટે સૌથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. આ અંગે ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી પ્રકાશભાઈ ડી. ભટ્ટ તથા પ્રદેશ કોંગ્રેસ ડેલીગેટ નરેશભાઈ પી. પટેલે બળાપો કાઢતા જણાવ્યુ હતું કે ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા પાંચ વર્ષમાં લાખો રોપાઓનો ઉછેર કરી તેના વાવેતર સહીતના અનુસાંગીક કામગીરી પાછળ રૂ. ૭૭૮.૭૭ લાખનો જંગી ખર્ચ કરવામાં આવ્યું છે. ખર્ચના પ્રમાણમાં રોપાઓનો ઉછેર થયો હોય તેવું લાગતું નથી. રોપાઓના ઉછેર-વાવેતર માટે તાલુકાના ડુંગરોનો ઉપયોગ થયો છે પણ ડુંગરો ઉપર ગાંડા બાવળ સિવાય કોઈ વૃક્ષ નજરે પડતુ નથી. રોપાઓનું વાવેતર કરી વૃક્ષ બનાવવાની જવાબદારી વન વિભાગની છે પણ તેની કાળજી લેવાના બદલે ભગવાન ભરોસે રોપાઓને છોડી દેવામાં આવે છે. રોપાઓના તન માટે વન વિભાગ પાસે કર્મચારીઓની મોટી ફોજ છે તો પણ કોઈ હકારાત્મક પરિણામ મળતું નથી.

તાલુકામાં આરક્ષિત જંગલોમાંથીવૃક્ષ છેદનની પ્રવૃત્તિ પણ બે રોક ટોક ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. રોપાઓનો ઉછેર અને વૃક્ષ છેદનની પ્રવૃત્તિ જોતા વધુ વૃક્ષો વાવો વરસાદ લાવોનું સૂત્ર હાસ્યાસ્પદ લાગી રહ્યું છે. એક રાજકીય આગેવાને નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે લાંબડીયા-કોટડા-ખેરોજ-પોશીના વિસ્તારની વનીકરણની જમીનમાં ખાનગી વ્યક્તિઓ દ્વારા મોટા ભાગે દબાણો કરવામાં આવ્યા છે. વનીકરણની જગ્યાઓમાં ખાનગી દબાણ હોય તો રોપાઓ ક્યાં રોપવા તે પ્રશ્ન છે. બાવળ કાંઠીયાના ડુંગર વન વિભાગનો આરક્ષિત વિસ્તાર છે ત્યાં ફેન્સીંગ કરી રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. પણ જાળવણીના અભાવે છોડ રહ્યા નથી. તાલુકાના ડુંગર અને આરક્ષિત વિસ્તાર જોતા વન વિભાગ દ્વારા વનીકરણ માટે કરવામાં આવેલ ખર્ચ એળે ગયું હોય તેમ લાગી રહ્યું છે.





# ડીસામાં દીકરીઓએ માતાને અગ્નિદાહ આપી પુત્રની ફરજ નિભાવી

ડીસા શહેરમાં એક વૃદ્ધાના મૃત્ય બાદ તેમની ત્રણ દીકરીઓએ કાંધ આપી અગ્નિ સંસ્કાર કરીને દિકરાની ફરજ નિભાવી મૃત માતાની અંતિમ ઈચ્છા પૂર્ણ કરી હતી.

મળતી માહિતી મુજબ ડીસા શહેરના પીરા મહોલ્લા વિસ્તારમાં રહેતા ગિરજાબેન કાંતિલાલ પંચાલ (ઉં.વ.૮૦) નામના વૃદ્ધ રહેતા હતા. ગિરજાબેનને ત્રણ દીકરીઓ હતી. દિકરો ન હતો. એટલે તેમના મૃત્ય બાદ તેમની દીકરીઓના કાંધે જ પોતાના અગ્નિ સંસ્કાર થાય તેવી તેમની અંતિમ ઈચ્છા હતી. ત્યારે આજરોજ તેમનું કુદરતી રીતે મૃત્યુ થતા તેમની ત્રણ દીકરીઓ ચંદ્રકલાબેન, નિતાબેન, મનિષાબેને માતાને કાંધ આપતા ત્યા હાજર દરેક માણસની આંખો ભીની થઈ ગઈ હતી. મૃત માતાની અંતિમ યાત્રા ડીસાના સ્મશાનઘાટ ખાતે પહોંચી હતી. સ્મશાનમાં આમ તો પુરૂષો જ જતા હોય છે. પણ મૃત ગિરજાબેનને પુત્ર ન હોવાથી પુત્રની ફરજ નિભાવવા ત્રણ દીકરીઓ સ્મશાનયાત્રામાં જોડાઈ હતી અને મૃત માતાને આપેલ વચન મુજબ ત્રણેય દીકરીઓએ માતાને અગ્નિદાહ આપી માતાને આપેલ વચન પૂર્ણ કરી દિકરાની ફરજ નિભાવી સમાજને નવો રાહ ચિંધ્યો છે.

# મહિયલ ગૃપ ગ્રામ પંચાયતના સરપંચપદ પર ફરી બ્રહ્મ સમાજનો કબજો

તલોદ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગરને અડીને આવેલા મહિયલ ગામની ગૃપ ગ્રામ પંચાયતના સરપંચનો શિરતાજ પ્રારંભથી જ બ્રહ્મસમાજના શિરે રહેવા પામેલ છે. બ્રહ્મસમાજના અગ્રણીઓએ આ મહિયલ ગૃપ ગ્રામ પંચાયતના સરપંચપદનો કાર્યભાર ભારે દબદબાપૂર્વક જાળવી રાખીને સફળ સુકાની પદ પુરવાર કરી બતાવેલ છે.

આ મહિયલ ગૃપ ગ્રામ પંચાયત અમલી બની ત્યારથી એટલે કે, લગભગ છેલ્લા ૫૮ વર્ષથી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના જ શ્રેષ્ઠીઓ પંચાયતના સરપંચપદે વિજેતા ઘોષિત થયા છે. કદાચ જિલ્લાની આવી આ પ્રથમ ગ્રામ પંચાયત હોવાનું મનાય છે.

લગભગ તલોદ મથક સાથે જ જોડાયેલા મહિયલ ગામની ગૃપ ગ્રામ પંચાયતમાં મહિયલ ઉપરાંત મહાદેવપુરા, રાયણીયા અને કેસરપુરા સહિત કુલ ૪ રેવન્યુ ગામ સમાયેલા છે. જેમાં ૨૫૯૨ જેટલા મતદારો છે. બ્રાહ્મણ, ક્ષત્રીય અને અન્ય સમાજના સંસ્કારી પરિવારો આ ગૃપ ગ્રામ પંચાયત હકૂમતના વિસ્તારમાં વસવાટ કરે છે. સંપ અને સુલેહ-શાંતિ માટે જાણીતા આ પંથકમાં 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવો એક વેપલો કેટલાક સમયથી બેરોકટોક ધમધમતો હોવાનું ચર્ચામાં રહ્યું છે. જે છે દેશી-વિદેશી દારૂનો વેપલો...! જેને નવનિયુક્ત મહિલા સરપંચ પ્રિતિબહેન મહેતા કંટ્રોલ કરે-કરાવે તેવી સંસ્કારી ગ્રામજનોની માંગ છે.

ઉલ્લેખનીય છે કે, મહિયલ ગૃપ ગ્રા.પં.ના સરપંચપદે ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના ભોગીલાલ છગનલાલ જોષી પ્રારંભમાં ૨ વર્ષ માટે સરપંચપદે રહી સેવા આપી ચુક્યા હતા. બાદ યેવલાબીડી પરિવારના મોભી અને તલોદ-મહિયલ પંથકની અનેકાનેક સહકારી, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓના પાયાના પૂરક એવા પ્રમુખદાતા જયશંકરભાઈ ભીખાલાલ ઉપાધ્યાયે ૨૧ વર્ષ સુધી આ ગૃપ ગ્રામ પંચાયતના સરપંચપદે રહી પ્રશંસનીય ફરજ બજાવી હતી. બાદ યેવલા પરિવારના જ શ્રેષ્ઠી અને પંથકની અનેકાનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા તથા તલોદ નાગરિક બેન્કના ચેરમેન અને શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટના ચેરમેન એવા મહેશભાઈ પુરૂષોત્તમદાસ ઉપાધ્યાયે આ મહિયલ ગૃપ ગ્રા.પં.ના સરપંચપદે ૧૯૭૮થી સળંગ ૩૪ વર્ષ રહી યોગ્ય ફરજો બજાવી હતી. ત્યારબાદ નવા ધારાધોરણ મુજબ સરપંચપદ માટે મહિલા બેઠક ઘોષિત થતાં સ્વ. ભૂલેશ્વર ગોવિંદરામ મહેતા પરિવારના પ્રિતિબહેન રાકેશકુમાર મહેતાએ ઉમેદવારી નોંધાવી હતી. તેઓ પણ ગત રોજ જાહેર થયેલા ચૂંટણી પરિણામમાં જંગી બહુમતીથી સરપંચપદે વિજેતા ઘોષિત થયેલ છે. આમ થતાં મહિયલ ગૃપ ગ્રા.પં.ના ૪થા સરપંચ પણ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના જ હોઈ અહિં બ્રહ્મસમાજે દબદબો જાળવી રાખીને ગૌરવ પ્રદાન કરેલ છે.

નોંધનીય છે કે, વિજેતા ઘોષિત થયેલ પ્રથમ મહિલા સરપંચ પ્રિતિ મહેતા તેઓના ૩ પ્રતિસ્પર્ધી ઉમેદવારોના કુલ મત કરતાંય વધુ મત મેળવવા સદ્ભાગી બન્યા છે. જેઓ ૧૧૦૯ મત મેળવી વિજયને વર્યા છે.




# ખેડૂત વિરોધી નીતિ રૂકજાવ : ફળદુ

ગુજરાતનો ખેડૂત બે પાંદડે થાય તો કેન્દ્રની આંખમાં કણાની જેમ ખૂંચે છે. તેથી કપાસની નિકાસ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કાળમુખી કોંગ્રેસ સરકારે લીધો છે. આજે પાલનપુર ખાતે પરિભ્રમણ કરી આવી પહોંચેલ કિસાન હિતયાત્રા દ્વારા યોજાયેલ ખેડૂત સભાને સંબોધતાં ઉપર મુજબ બોલતા ભાજપના પ્રદેશ પ્રમુખશ્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું. નર્મદા બંધ ઉપર બે દરવાજા મુકવાની પરવાનગી આપવાની આનાકાની કરતી કેન્દ્ર સરકાર ઈચ્છતી નથી કે ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ બને. કેન્દ્રની આ ખેડૂત વિરોધી નીતિને રૂક જાઓ કહેવા આ કિસાનયાત્રાનું આયોજન કરાયેલ છે. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશમંત્રી કે.સી. પટેલ પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ શ્રી પ્રદીપસિંહ, સંસદસભ્ય શ્રી નટુજી ઠાકોર, પાલનપુરના ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ, જીલ્લા ભાજપ પ્રમુખ ડૉ. કે.એસ. નોગરા વગેરે પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ભવાનપુર ગામે મહિલાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

હિંમતનગર, તા. ૨૯

શામળાજી નજીક આવેલા ભવાનપુર ગામની એક મહિલાએ તેના પતિ ઉપર ખોટો વહેમ રાખી શુક્રવારે સાંજના સમયે પોતાના ઘરમાં જ ગળે ફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે શામળાજી પોલીસે મહિલાના પતિની ફરિયાદ આધારે જાણવા જોગ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવ અંગે શામળાજી પોલીસ સૂત્રોમાં પ્રાપ્ત વિગતો મુજબ શામળાજી નજીક આવેલા ભવાનપુર ગામે રહેતી કૈલાસબહેન લક્ષ્મણભાઈ ડામોર (ઉ.વ.૪૪) તેના પતિ ઉપર ખોટો વહેમ રાખતી હતી. શુક્રવારે સાંજના સુમારે પતિ મજુરીએથી ઘરે આવતો ન હોઈ ખોટો વહેમ રાખી પોતાના ઘરમાં લાકડાના ડંડા સાથે બાંધી ગળે ફાંસો ખાઈ લેતાં ચકચાર મચી હતી. બનાવ અંગે મરણ જનાર મહિલાના પતિ લક્ષ્મણભાઈ ડામોરે શામળાજી પોલીસમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી કેસની તપાસ એન.ડી. પલતા કરી રહ્યા છે.

## પ્રાંતિજ પંથકમાં લીલાછમ વૃક્ષોનું નિકંદન મામલતદારે ૧૦ જણા સામે ૨૨૦૦૦નો દંડ વસુલ્યો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં વૃક્ષ છેદનની પ્રવૃત્તિએ માઝા મુકી છે. લીલાછમ વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે ને આ તમામ માલ શો મીલોમાં આસાનીથી પહોંચી જાય છે. ને સહેલાઈથી રૂપિયા રળી લેવાની હિન પ્રવૃત્તિ થતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે પ્રાંતિજ મામલતદારે સને ૨૦૧૧ અને ૨૦૧૨માં દશેક ઈસમો સામે વૃક્ષછેદનનો માલ પકડી બાવીસેક હજાર જેટલો દંજ વસુલ કર્યો છે. તેમ છતાં તંત્રની આંખમાં ધૂળ નાંખીને પણ આ પ્રવૃત્તિ કરવાવાળા બેરોકટોક છેદનની પ્રવૃત્તિને વેગ આપી રહ્યા છે.

વૃક્ષો વાવો ને વરસાદ લાવો, પર્યાવરણ બચાવોનાં સૂત્રો ઠેર-ઠેર ચીતર્યા હોવા છતાંય લીલાછમ વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે. પર્યાવરણ બચાવવા અને સારા વરસાદ માટે વૃક્ષોનું જતન કરવું જરરી છે. જંગલખાતુ અને તંત્ર જો નિકંદન થતા વૃક્ષો પર બ્રેક નહી લગાવે ને કડક નહીં બને તો આગામી સમય માનવજાત અને તમામ જીવો માટે ખતરારૂપ બનશે એ વાત પર્યાવરણ પ્રેમીઓ ચર્ચી રહ્યા છે.

## પાલનપુર ખાતે મર્હુમ કાદરી સાહેબને શ્રદ્ધાંજલિ અપાઈ

ભૂતપૂર્વ પાલનપુર પીપલ્સ કો.ઓ. બેંકના પૂર્વ ચેરમેન અને અર્બન કો.ઓ. બેંક જયપુર, પાલનપુર બ્રાન્ચના એડવાઈઝરી કમિટિના ચેરમેન શ્રી ગણપતભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને આજરોજ બેંકના સભાખંડમાં મર્હુમ કાદરી શાહેબના પરિવારજનોની હાજરીમાં સ્ટાફ કર્મચારી ભાઈ-બહેનોની એક શોક-સભા યોજાઈ હતી. કાદરી સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા ગણપતભાઈ જોષીએ જણાવ્યું કે કાદરી સાહેબના સ્વર્ગવાસથી બેન્ક પરિવારે એક વડીલની છત્રછાયા ગુમાવી છે. તેમની હૂંફ અને પ્રેરણાથી નાગરિકોના કરોડો રૂપિયા સલામત રહી શક્યા છે. તેમની ખોટ ક્યારેય પુરાશે નહીં.

## સબજેલ હિંમતનગરમાં નિદાન કેમ્પ યોજાયો

સબજેલ હિંમતનગર ખાતે સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન તા. ૨૭મી એપ્રિલના રોજ આર.એમ.ઓ.શ્રી એસ.બી. નાગોરીના અધ્યક્ષપણા હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ સબજેલ હિંમતનગરથી વિવિધ રોગના નિષ્ણાત નવ તબીબી અધિકારીશ્રીઓ તથા પાંચ તજજ્ઞ નિષ્ણાત મહિલા તબીબી અધિકારીએ સ્ટાફ સાથે હાજર રહીને ૧૬૩ જેટલા બંદિવાન ભાઈ બહેનોને ચકાસણી કરી હતી. સારવાર માટે જરૂરિયાતમંદ આરોગીને સિવિલ હોસ્પિટલ ખાતે સંપૂર્ણ સારવાર માટે જણાવેલ હતું. સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પમાં જેલના બંદિવાન ભાઈઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેલ અધિક્ષકશ્રી આર.એસ. ભૂરીયાની માર્ગદર્શન હેઠળ નિદાન કેમ્પ સફળ રહ્યો હતો. શ્રી ભુરીયાએ તમામનો આભાર માન્યો હતો.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૯૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

## વાસ્મો દ્વારા મોતીપુરા ગામે વોટર બજેટીંગ ફોર વોટર સિક્યુરીટી કાર્યક્રમની શરૂઆત

માણસા, તા. ૨૯

માણસા તાલુકાના મોતીપુરા વેડા ગામે વાસ્મો દ્વારા ત્રણ દિવસના કાર્યશાળા બાદ આજે વોટર બજેટીંગ ફોર વોટર સિક્યુરીટી કાર્યક્રમનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો જે બાબતે હાજર અધિકારીઓએ આ વિષયે ગ્રામજનોને માહિતી આપી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ વાસ્મોના સહયોગથી ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીના ક્ષેત્રે લોકભાગિદારીનાં અભિગમથી પીવાના પાણીની સુવિધાઓ ઉભી કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લાના ૨૦૪ ગામોની રૂ. ૩૦૮૦.૦૯ લાખની યોજનાઓ અમલીકરણ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોમાં પાણીના તલ ઉંડા ઉતરતા ગયા છેત્યારે ગ્રામજનો પાણીનું મૂલ્ય સમજે અને પાણીનો સદ્ઉપયોગ કરી વોટર બજેટીંગ કરી વોટર સિક્યુરીટી કરતા જાય તે હેતુથી એક કાર્યક્રમનું આયોજન માણસા તાલુકાના મોતીપુરા (વેડા) ગામે કરવામાં આવ્યું હતું અને ત્રણ દિવસની કાર્યશિબિર બાદ આજે પાયલોટ પ્રોજેક્ટ તરીકે તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.



# ડીસા ખાતે ગોસ્વામી સમાજનો ભંડારો યોજાયો

ડીસા, તા. ૨૯

ડીસા શહેર ખાતે ગૌસ્વામી સમાજના ભંડારાનો મહોત્સવ યોજાયો હતો. આ ભંડારામાં ગુજરાત, પંજાબ, રાજસ્થાન અને પાકિસ્તાનથી પણ ગૌસ્વામી સમાજના મહંતો અને અગ્રણીઓ હાજર રહી સમાજના વિકાસની ચર્ચા અને વિવિધ મુદ્દા અંગે છણાવટ કરી હતી.

મળતી માહિતી મુજબ ડિસા લોહાણા સમાજની વાડીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મીઠી (પાકિસ્તાન) નિવાસી ચામગીરીજી ગોસ્વામીના ધર્મપત્નિ સતીદેવી દેવલોક પામેલ તે નિમિત્તે તેમના પુત્ર મહંતશ્રી દોલતગીરીજી (ગુજરાત પંજાબ) દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. આ મહોત્સવમાં ચાર હજારથી વધુ લોકોએ ભોજનનો લાભ લીધો હતો. ત્રણસો વ્યક્તિઓને ભેટપૂજા આપવામાં આવી હતી.

આ પ્રસંગે મહંતશ્રી ઈન્દ્રભારથી મહારાજ (ગિરનાર) મહંતશ્રી જયરામગીરી કરિકર આનંદ સરસ્વતી (અંજાર) ભૂરભારથી ડીસા, નીલભારથી ડીસા, અશોક ભારથી ડીસા, અને મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. પાકિસ્તાનથી ભારત આવી વસેલા ગૌસ્વામી પરિવાર પરિચય ગાથા ગુરૂ મંગલગીરીજીએ આપ્યો હતો. આ મહોત્સવના મુખ્ય આયોજક પ.પૂ. મહંત દોલતગીરીજીનું સન્માન સમાજે સાફો પહેરાવીને અને શાલ ઓઢાડીને કર્યુ હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન